॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૦**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. શ્રમણસૂત્ર એટલે શું? **ચતુર્વિધ સંઘરૂપ શ્રમણોના અધ્યયન–સૂત્ર વિશેષ તે શ્રમણસૂત્ર.**

૨. સંમૂર્ચ્છિમ મનુષ્ય ક્યારે ઉત્પન્ન થાય છે? **શરીરની અશુચિ શરીરના મૂળ ઉત્પત્તિ સ્થાનથી બહાર નીકળી જાય પછી અંતર્મુહૂર્તમાં.**

૩. ચાર ગતિમાંથી કઈ ગતિના જીવો મોક્ષમાં જાય છે? **મનુષ્ય ગતિના જીવો.**

૪. દર્શન વિશુદ્ધિ એટલે શું? **આપણી શ્રદ્ધા દઢ અને નિર્મળ થાય છે.**

૫. નમસ્કાર મંત્રના સ્મરણથી શું દૂર થાય છે? **સર્વ વિઘ્નો, આપત્તિઓ, કષ્ટો.**

૬. વિરમણ એટલે શું? **વિરામ પામવું, અટકવું.**

૭. સમ્યક્દર્શનના પોષક તત્ત્વ કયા? **પરમત્થ સંથવો, સુદિટ્ઠ પરમત્થ સેવણા.**

૮. વિરાધના કોને કહે છે? **વ્રતનો અનેક અંશથી ભંગ થાય, તેને વિરાધના કહે છે.**

૯. પ્રાણાતિપાતમાં કયા પાપનો સમાવેશ થાય છે? **મદિરાપાન, માંસાહાર, શિકાર.**

૧૦. નિર્ગંથ પ્રવચનનું સ્વરૂપ કેવું છે? મૂળ પાઠ લખો. **સચ્ચં, અણુત્તરં, કેવલિયં, પડિપુન્નં, નેઆઉયં, સંસુદ્ધં, સલ્લકત્તણં, સિદ્ધિ મગ્ગં, મુત્તિ મગ્ગં, નિજ્જાણ મગ્ગં, નિવ્વાણ મગ્ગં, અવિતહમવિસંધિ, સવ્વ દુક્ખ પહીણં મગ્ગં.**

**(૨) નીચેના શબ્દોના માગધી લખી તે કયા પાઠમાં છે? તે લખો.** **(૫)**

૧. ખાંસી ખાવાથી **કુઈએ** **પહેલા શ્રમણસૂત્રમાં**

૨. અખંડિત **અવિરાહિઓ** **સામાયિકના ચોથા પાઠમાં**

૩. અસંતોષ **લોભ** **અઢાર પાપસ્થાનકમાં**

૪. રખે! સાપ કરડે **મા ણં બાલા** **સંથારાના પાઠમાં**

૫. ભલી દષ્ટિથી **સુદિટ્ઠ** **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં**

**(૫૫)**

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. કઈ રાશિ નથી? **ઉત્કૃષ્ટ અનંતા અનંત.** **(૧×૧૦)**

૨. જીવ ક્યારથી રખડે છે? **અનંત પુદ્ગલ પરાવર્તનથી.**

૩. પાલાને શેનાથી ક્યાં સુધી ભરવાનો છે? **સરસવના દાણાંથી શિખા સુધી ભરવાનો છે.**

૪. પ્રતિશલાકામાં બે દાણા હોય ત્યારે બાકીના ત્રણ પાલા કેવા હોય?

**અનવસ્થિત ભરેલો હોય, શલાકા અને મહાશલાકા પાલો ખાલી હોય.**

૫. દેવનું આયુષ્ય કેટલું? **જઘન્ય ૧૦૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરનું.**

૬. અનંતાનો પાંચમો અને અસંખ્યાતમાનો બીજો ભેદ લખો. **અનંતાનો ૫) મધ્યમ યુક્ત અનંતા અને અસંખ્યાતમાનો ૨) મધ્યમ પરિત્ત અસંખ્યાતા.**

૭. એક આવલિકાના સમય કેટલા? **જઘન્ય યુક્તા અસંખ્યાતા જેટલા સમય જાણવા.**

૮. જઘન્ય પરિત્ત અનંત કેવી રીતે મળે? **જઘ. અસંખ્ય અસંખ્યાતની રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતાં જઘ. પરિત્ત અનંતાની સંખ્યા મળે.**

૯. આંકડામાં લખો. કોટ **૮ યોજન** વેદિકા **½ યોજન**

૧૦. છનો પરસ્પર અભ્યાસ કેટલો થાય? **૬×૬×૬×૬×૬×૬=૪૬૬૫૬.**

૧૧. પાણીના એક ટીપાંમાં કેટલા જીવ છે? કેવી રીતે સમજાવો. તેની નિશ્રામાં કેટલા જીવો છે? પહેલા અને અંતિમ સમુદ્રનું નામ લખો. (૫)

**અસંખ્ય પર્યાપ્તા જીવો. પાણીના એક ટીપાંમાંથી જીવો નીકળીને જો સરસવ જેવડું શરીર બનાવે તો ૧ લાખ યોજનના જંબૂદ્વીપમાં સમાય નહીં એવા સંખ્યાતા જંબૂદ્વીપ ભરાઈ જાય તો પણ ઘણાં જીવ બહાર રહી જાય એટલા જીવો પાણીના એક ટીપાંમાં હોય છે. તેની નિશ્રામાં અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે. નિગોદના અનંત પર્યાપ્તા જીવો, અનંત અપર્યાપ્તા જીવો હોઈ શકે છે. આ જ્ઞાનીઓએ જ્ઞાન દ્વારા બતાવ્યું છે. પહેલો**

**સમુદ્ર લવણસમુદ્ર અને અંતિમ સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર.**

**(આ) પુદ્ગલ પરવર્તનના આધારે લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પુદ્ગલોનું અનંત પરિવર્તનમાં શેનાથી થાય છે? (૧×૪)

**પરમાણુ પુદ્ગલોના સંયોજન અને વિભાજનથી થાય છે.**

૨. તૈજસ પુદ્ગલ પરાવર્તન વધારે કે ઔદારિક પુદ્ગલ પરાવર્તન વધારે? કેટલા?

**તૈજસ પુદ્ગલ પરાવર્તન વધારે. અનંતગુણા.**

૩. સ્વાદિષ્ટ ભોજનનું શું થવાનું છે? **પાછી વિષ્ટા બનવાની જ છે.**

૪. પુદ્ગલમાં શું છોડવાનું છે? **રાગ–દ્વેષ કરવાનું.**

૫. બાદર કાળ પુદ્ગલ પરાવર્તન એટલે શું? **એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણી** (૨)
**કાળના સમસ્ત સમયોને વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર કાળ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

૬. ૩૪૩ પ્રશ્ન કેવી રીતે થાય છે? ૪–૫ લીટીમાં લખો. (૪)

**સર્વ જીવોએ ૭ સાતે પુદ્ગલ પરાવર્તન અનંત અનંત કર્યા તેના ૭ પ્રશ્ન.**

**એક નારકીના જીવે સાતે પુદ્ગલ પરાવર્તન અનંતવાર કર્યા એમ ભવનપતિ વગેરે ૨૪ દંડકના જીવે સાતે પુદ્ગલ પરાવર્તન અનંતવાર કર્યા તેના ૨૪×૭= ૧૬૮ પ્રશ્ન.**

**સર્વ નારકીના જીવે સાતે પુદ્ગલ પરાવર્તન અનંતવાર કર્યા એમ ભવનપતિ વગેરે ૨૪ દંડકના બહુ જીવોએ સાતે પુદ્ગલ પરાવર્તન અનંતવાર કર્યા તેના ૨૪×૭= ૧૬૮ પ્રશ્ન.**

**એમ કુલ ૭+૧૬૮+૧૬૮= ૩૪૩ પ્રશ્ન.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે? (૫)**

| | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ૧. કંથવાના જીવે વચન | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. સમકિતી ઘોડાએ વૈક્રિય | **અનંત** | **કરશે નહિ** |
| ૩. વડીનીતના જીવે શ્વાસોચ્છ્વાસ | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |
| ૪. ડાંસે દેવપણે કાર્મણ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૫. મનુષ્યએ નારકીપણે મન | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |

**(ઈ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાને આધારે માંગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૩)**

૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર? (૩×૩)

સર્વાર્થસિદ્ધના દેવ **૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા. સઅંતર કે નિરંતર.**

પોરા **૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા. સઅંતર કે નિરંતર.**

ઘનવાત **સમયે સમયે અસંખ્યાતા. નિરંતર.**

૨. સોપક્રમી આયુષ્ય તૂટવાના કારણોમાં ૨, ૪,૭ કારણ લખો.

**૨) નિમિત્ત : શસ્ત્ર, દંડથી આદિથી, ૪) વેદના : જ્વર, રોગ આદિની પ્રાણનાશક વેદના વગેરેથી,**

**૭) શ્વાસોચ્છ્વાસ : શ્વાસના રૂંધાવાથી મરે.**

૩. ૧૦૮ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે?

**૭૨ વર્ષે, ૯૬ વર્ષે, ૧૦૪ વર્ષ, ૧૦૬ વર્ષ ૮ મહિના, ૧૦૭ વર્ષ ૬ મહિના ૨૦ દિવસ. આ રીતે જો ત્રીજા ભાગે આયુષ્યનો બંધ ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૪. ખાલી જગ્યા પૂરો. (૪)

૧. ....... નું આયુષ્ય બંધાયા વિના કોઇપણ ....... જીવ મરતો નથી. **પરભવ, સંસારી**

૨. સર્વથી થોડા જીવ ...... અને સર્વથી વધારે ....... આકર્ષે આયુષ્ય બાંધે. **૮, ૧**

૩. ઔદારિકના દંડકમાં ...... અને ...... એમ આયુષ્ય બાંધનારા છે. **સોપક્રમી, નિરૂપક્રમી**

૪. ....... કર્મનો બંધ આખા ભવમાં ...... જ વાર થાય છે. **આયુષ્ય, ૧**

**(ઈ) વિરહ પદના આધારે લખો. (૧૨)**

**(૧) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૪)**

૧. થૂંકમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે.

**ખોટું. થૂંકમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થતા નથી.**

૨. ગરમરમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**ખોટું. ગરમરમાં સમયે સમયે અનંતા જીવો ઉત્પન્ન થાય છે.**

૩. ૧૨ મુહૂર્તે એક જીવ દેવમાં ઉત્પન્ન થાય છે. **સાચું.**

૪. વિરહ પદનો થોકડો પન્નવણા સૂત્ર પદ ૬ માં છે. **સાચું.**

**(૨) મને ઓળખો. (૪)**

૧) ઉત્કૃષ્ટ છ માસનો વિરહ **સિદ્ધ, સાતમી નરક, ૬૪ ઈન્દ્ર**

૨) ઉત્કૃષ્ટ સંખ્યાતા લાખ વર્ષનું અંતર **ગ્રૈવેયક ત્રીજી ત્રિક**

૩) જઘન્ય ૮૪૦૦૦ વર્ષ ઝાઝેરાનું અંતર **તીર્થંકર**

૪) અમારામાં અંતર નથી. **પાંચ એકેન્દ્રિય**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૪)**

૧) ત્રણ પલિયામાં કેટલું અંતર પડે? **જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત.**

૨) પાપ કરે તો ક્યાં જવું પડે? ત્યાં ઉત્કૃષ્ટ કેટલું અંતર પડે? **નરક, ૧૨ મુહૂર્ત.**

૩) છ મહિને એક જીવ ક્યાં જાય છે? **છ મહિને એક જીવ મોક્ષ અને એક જીવ સાતમી નરકમાં જાય છે.**

૪) સારી જગ્યાએ જવા શું વધારે જોઇએ? **સાધના, આરાધના અને મહેનત.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. મનથી શેની આરાધના થઈ શકે છે? **મોક્ષમાર્ગ, સાધુધર્મ, શ્રાવકધર્મ.**

૨. બોલતી વખતે શું રાખવાનું છે? **વિવેક અને સંયમ.**

૩. કોને અલગ અનુભવવાનો છે? **દેહ અને આત્માને.**

૪. આત્માને શેનાથી બચાવવાનો છે? **રાગ અને દ્વેષ.**

૫. આપણી પાસે કેટલા સાધન રહે છે? **જેટલી સ્થિતિના પુણ્ય હોય તેટલા સાધન.**

૬. કોઇની ભૂલ માફ કરવાથી શેનો લાભ થાય છે? **તપ દ્વારા નિર્જરા તથા સંવરનો લાભ થાય છે.**

૭. કોના વડે આત્માનું જતન કરવું છે? **સમિતિ અને ગુપ્તિ.**

૮. શરીરની વિષ્ટામાં કોણ જન્મ–મરણ પામે છે? **અસંખ્ય અસંજ્ઞી મનુષ્યો.**

૯. સુંદર ભાષા શું વધારે છે? **મૈત્રી, અહોભાવ, પરસ્પર સદ્ભાવ, ભક્તિ અને વાત્સલ્ય.**

૧૦. આપણને કઈ વસ્તુ પુણ્યથી મળેલી છે? **પ્રતિષ્ઠા, સત્તા, રૂપ, સુખ, આવડત, ગુણ, કળા, જ્ઞાન, દાન શક્તિ.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. પોટ્ટિલા કેવી હતી? **રૂપવાન, ગુણવાન, યુવાન, ઉત્તમ શરીરવાળી હતી.**

૨. સાધ્વી શેનો બોધ આપી શકે? **સાધુધર્મ અને શ્રાવકધર્મ રૂપ કેવળી પ્રરૂપિત ધર્મનો બોધ આપી શકે.**

૩. મનુષ્ય ક્યાં સુધી ધર્મની આરાધના કરતો નથી? **દુઃખ પ્રાપ્ત ન થાય અને માનનું મર્દન ન થાય ત્યાં સુધી.**

૪. જયંતી શ્રમણોપાસિકા કયા સૂત્રનો અધિકાર છે? **ભગવતી સૂત્ર શતક ૧૨, ઉદ્દેશો ૨.**

૫. કયા જીવો ઉદ્યમી સારા? **જેઓ ધાર્મિક વગેરે છે તે ઉદ્યમી સારા.**

૬. જયંતી શ્રાવિકા કેવા શ્રાવિકા હતા? **જીવ–અજીવના જાણકાર.**

૭. મૌર્યપુત્ર એટલે શું? **મૌર્યવંશમાં ઉત્પન્ન થનાર.**

૮. તપસાધનામાં શું અનિષ્ટકર છે? **કોઇપણ પ્રકારનો સંકલ્પ, નિયાણું.**

૯. બલિચંચા રાજધાની કોની હતી? **ઉત્તર દિશાના અસુરેન્દ્ર અસુરરાજ બલિ.**

૧૦. અમારી સામે શું વિસાતમાં છે? કોણ બોલે છે અને કોને કહે છે? **બલિચંચાના દેવો એકબીજાને કહે છે.**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. કાજી, સાપ, લુહાર, હાથીથી શરૂ થતી કડી પૂર્ણ કરો.

**કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર, જીવ અનેક જબ્બે કર્યા, કીધા પાપ અઘોર.**

**સાપ વીંછી સિંહ ચિત્તરા, શકરા અને સમડી, હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી.**

**લુહારના ભવ જે કર્યા, ઘડ્યા શસ્ત્ર અપાર, કોસ કોદળા ને પાવડા, ધગધગતી તલવાર.**

**હાથીના ભવ જે કર્યા, વેલૂડી વલૂર્યા, પંખી માળા ચૂંથીયા, પાપે પેટ જ ભર્યા.**

૨. જેમાં મિથ્યાત્વની વાત આવતી હોય તે કડી લખો.

**ચાડી કીધી પારકી, કીધો થાપણમોસો, કુદેવ કુગુરુ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો.**

**જય – જિનેન્દ્ર**

- **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- **FOR BOOKS AND EXAM REGISTRATION.**